# ભક્તિરસની કવયિત્રી ભોળીઆઈ

ડૉ. શિવરામ જે. શ્રીમાળી
ગુજરાતી વિભાગાધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર,
શ્રી જે. એમ. પટેલ આર્ટ્સ એન્ડ શ્રીમતિ એમ. એન. પટેલ મહિલા કોમર્સ કોલેજ, ઊંઝા

**વિ.સં. ૧૮૧૦**

પ્રાચીન કાળથી સમગ્ર ભારત વર્ષમાં અનેક ભક્ત સ્ત્રીઓનું પ્રાકટય થયું છે. તેમની ઉજળી ભક્તિ અને તપોમય જીવનથી સમગ્ર રાષ્ટ્ર પાવન બન્યું છે. ગુજરાતની ભૂમિ ઉપર પણ અનેક દેવાંશી નારીઓનુ અવતરણ થયું છે. મધ્યકાલીન ગુજરાત ઉપર દ્રષ્ટિ કરતા, રતનબાઈ, તોરલ, લાડલદે, દેવલ, લીરબાઈ, લીરલબાઈ, લોયણ, મોંઘીમા, રાણીમા–રૂડીમા, ગંગાસતી, પાનબાઈ, અમરમા, ભોળીઆઈ, મુળીઆઈ ઈત્યાદિ અનેક ભક્તનારીઓનું પ્રાકટય નિહાળવા મળે છે. આ ભક્તવત્સલાઓની આધ્યાત્મિક અનુભૂતિથી ગુજરાત ગૌરવાન્વિત બન્યું છે.

મધ્યકાળના ઉત્તરાર્ધમાં જે ભક્તસ્ત્રીઓનું પ્રાકટય થયું છે. તેમ આપાદાનાનાં શિષ્યા ભોળીઆઈનું વ્યક્તિત્વ વિશિષ્ટ છે. તેમણે જીવનના શેષવર્ષોમાં અમરેલીથી ૭ કિ.મિ.દૂર ઠેબી નદીના તટે વસેલ નાના માચીયાળા ગામે જગ્યા સ્થાપી, સેવા ધર્મની પુનિત જ્યોત પ્રગટાવી લોકવરણમા સેવા ધર્મનો બોધ વહેવડાવ્યો છે.

ભોળીઆઈનું પ્રાકટય મેઘવાળ સમાજમાં થયું. તેમના પિતાનું નામ દાના ભગત અને માતાનું નામ ધુનાબાઈ. દાના ભગતનું મૂળ વતન બાબરા તાલુકાનું ‘ખાખરીયા’ ગામ. શાખે ‘‘ચાંહિયા’ વણકર.

દાના ભગત અને ધુનાબાઈ ધર્મપરાયણ શ્રમજીવી સ્વસ્થ દંપતી, તેમના દામ્પત્ય જીવનથી સંતાનમા એક દીકરી સોનબાઈ અને દીકરા નાગાજણનો જન્મ થયેલો. સોનબાઈનું હુલામણું નામ ‘‘ભોળી’’ તેથી તેઓ ભોળીઆઈ નામે પ્રસિદ્ધ થયાં. તેમના જન્મની વિગતો ચોક્કસ સ્વરૂપમાં મળે છે. તેમનો જન્મ નાના માચીયાળા ગામે વિ.સં. ૧૮૧૦ ના ફાગણવદી અગિયારસના દિવસે થયો. (ઉક્ત સંવત,મહીનો અને તિથિની ગણતરી કરતા અંગ્રેજી તારીખ ૧૯–૩–૧૭૫૪ અને મંગળવાર આવે છે.)

ભોળીઆઈને ગળથૂંથીમાંજ ભક્તિના સંસ્કારો સાંપડયા હતા. બાલ્યવયના સંસ્કારે વધતી વયે તેમના ચિત્તમાં પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરવાની એષણા દઢ બની હતી. કાળક્રમે તેમની ઉંમર વિવાહને યોગ્ય થતાં અનેક માગાં આવવા લાગ્યાં. પરંતુ ભગત પિતાને પોતાની દીકરીને લાયક કોઈ મુરતિયો જણાતો નહી. અંતે ઘણી શોધખોળ બાદ ભક્ત દીકરીને લાયક મુરતિયો મળતા તેનાં લગ્ન, ધારી તાલુકાના ‘ભલગામ’ ના ‘બેડવા’ અવટંકના ભક્ત મુળા સાથે કરવામાં આવ્યાં તેમના સાંસારિક જીવનથી વિ.સં. ૧૯૩૦ ના વૈશાખ વદી ત્રીજ અને ગુરૂવાર (તા.૨૮/૪/૧૭૭૪ )ના દિવસે એક દીકરીનો જન્મ થયો તેનુ નામ ‘રાજી’સાંભળી રાખવામાં આવ્યું.

દીકરીના જન્મ બાદ આ દંપતિનો અધિકાંશ સમય પ્રભુ ભક્તિમાં વિતવા લાગ્યો. સાંસારિક આસક્તિઓ ધીરે ધીરે ઓછી થવા લાગી. મુળા ભગતનું ચિત્ત દિન–પ્રતિદિન વૈરાગ્યને પંથે વિહરવા દઢ થવા લાગ્યું. તેઓ અવાર નવાર ગુરૂની શોધ માટે ગિરનારની કંદરઓ ખૂંદવા લાગ્યા. આખરે વેલાબાવાની (વાધનાથના શિષ્ય)

જગ્યામાં તેમનું ચિત્ત અંતર્મુખ થતાં તેમની પાસે દીક્ષા લઈ સંન્યાસ અંગીકાર કર્યો. અને થોડોક સમય યોગ સાધના કરી ગુરૂ આજ્ઞાએ પોતાને ગામ ભલગામમાં આવી સાધનામાં પ્રવૃત્ત થયા.

ભોળીઆઈનો રાહ, ગૃહસ્થાશ્રમની ફરજો બજાવતાં બજાવતાં પરમનો સાક્ષાત્કાર કરવાનો હતો. તેમને દીન–દુખિયા અને ગૌમાતામાં પ્રભુનાં દર્શન થતા. તેથી તેમને ત્યાં દીન–દુખી જનોના આઠે પહોર ધામા રહેતા. દીન–દુખિયાની સેવામાં અને ગૌમાતાની સેવામાં ભોળીઆઈને અખંડ આનંદ પ્રાપ્ત થતો.

આમ, ધર્મપરાયણ આ દંપતિના પ્રભુ પ્રાપ્તિના રાહ જુદા જુદા હતા. પરંતુ બંનેનું લક્ષ્ય પરમની પ્રાપ્તિનું હતું.

કાલક્રમે દીકરી રાજીની ઉંમર અઢાર વર્ષની થતા તેનાં લગ્ન, ભોળીઆઈના સગાભાઈ નાગાજણના પુત્ર ત્રિકમ સાથે ઈ.સ. ૧૭૯૨ માં કરવામાં આવ્યાં. અત્રે સ્પષ્ટતા કરવાની કે, સૌરાષ્ટ્રની કેટલીક કોમોમાં મામા–ફુઈનાં સંતાનો અરસપરસ વરાવવાનો રિવાજ પ્રચલિત છે.

રાજીનાં લગ્ન બાદ, એક દિવસે મુળા ભગતે પત્ની ભોળીઆઈને અંતકાળે અલખધણીના ધામમાં સાથે જવાનો કોલ આપી ગુરૂ વેલનાથની જગ્યામાં સાધના કરવા ચાલ્યા ગયા. પતિનાં ગૃહ ત્યાગ બાદ ભોળીઆઈ પણ ભલ ગામથી નાના માચિયાળા આવી પ્રભુ ભક્તિ કરવા લાગ્યાં.

વિ.સં. ૧૮૫૨ (ઈ.સ. ૧૭૯૬) નું વર્ષ ભોળીઆઈના જીવનમાં મહત્ત્વનું રહ્યું. આ વર્ષમાં દીકરી રાજીને ત્યાં પારણું બંધાયું. પોષ સુદ સાતમ અને રવિવાર (તા.૧૭/૧/૧૭૯૬) ના રોજ પુત્રનો જન્મ થયો. તેનું નામ પુંજા ભગત રાખવામાં આવ્યું. બીજું, આવા વર્ષમાં આપા દાનાએ ચલાલામાં સત્તધર્મનો નેજો રોપી જગ્યાની સ્થાપના કરી. ભોળીઆઈ આપા દાનાની સેવા ધર્મની સુવાસે ચલાલા આવી, આપા દાનાની કૃપા પ્રાપ્ત કરી, જગ્યામાં મૂંગે મોઢે સેવા કરવા લાગ્યાં, સમય જતાં સેવાની ધૂણી તપી તેઓ પરિપક્વ થતાં આપા દાનાએ તેમને ગેબી પરંપરાની છાપ આપી દીન દુખિયા અને ગૌસેવા કરવાની તેમજ અભ્યાગતોને ટૂકડો આપવાની આજ્ઞા આપી. ગુરૂ આજ્ઞાને માથે ચઢાવી ભોળીઆઈ નાના મચિયાળા આવી સત્તનો નેજો રોપી દીન દુખિયાની સેવા અને અભ્યાગતોને ટૂકડો આપવાનાં શ્રી ગણેશ કર્યા.

ભોળીઆઈના જીવન અને ભક્તિ પરત્વે જનસમુદાયમાં જાત જાતની વાતો પ્રચલિત બની છે. તે પૈકી તેમના જીવન સાથે સંકળાયેલ બે શ્રદ્ધેયપ્રસંગો જોઈએ.

ગામડાઓમાં ઘઉંની મોસમમાં ઘઉંની લણણી કરી લીધા પછી શ્રમજીવીઓ ઘઉંની ઊંબીઓ વિણવા ખેતરમાં જતા હોય છે. એકવાર ભોળીઆઈ અને કેટલીક સ્ત્રીઓ ખેતરમાં ઘઉંની ઊંબીઓ વીણવા ગઈ. તળપદી ભાષામાં ઘઉંની ઊંબીઓને વીણવાના કામને સરલ વીણવાનું કહેવામાં આવશે. ભોળીઆઈ તથા સ્ત્રીઓએ એક ખેતરમાંથી એકાદ પવાલુ ઘઉં નીકળે એટલી ઊંબીઓ વીણી હશે ત્યાં ખેતરનો માલિક ગાડું લઈ ખેતરમાં આવ્યો. પોતાના રેઢા ખેતરમાં સ્ત્રીઓને ઊંબીઓ વીણતી જોઈ તેનો પિત્તો ગયો. અને તેણે સ્ત્રીઓ પાસેથી ઊંબીઓ આંચકી લઈ તેમને કડવા વેણ કહ્યા. સ્ત્રીઓ ઊંબીઓ પરત આપી દેવા કરગરવા લાગી પરંતુ ખેડૂ એકનો બે ના થયો આખરે ભોળીઆઈએ ખેડૂને કહ્યું, **''વીરા, ગામનો કોઈ ખેડૂ સરલ વીણવાનું ના નથી કહેતો. આ તારા ઘઉં કોઈકની આંતરડી ઠારશે. માટે ઠાકરનો ભોં રાખી ઊંબીઓ પાછી આપી દે''**. પરંતુ ખેડૂ માન્યો નહી. અને સ્ત્રીઓને અપમાનિત કરી ખેતરમાંથી કાઢી મુકી.

બીજા દિવસે ખેડૂના બે બળદો અચાનક બીમાર પડયા અને મરવાના વાંકે જીવતા હોય તેમ જમીન ઉપર પડી હાંફવા લાગ્યા પોતાના સાજા નરવા બળદોને મરતા જોઈ ખેડૂનો જીવ કકડી ઉઠયો. તેણે બળદોને ઓસડીયાં પીવરાવ્યાં, પરંતુ બળદ સાજા ન થયા. આખરે પડોશીના કહેવાથી ખેડૂએ પોતાના બળદ સાજા થઈ જાય તો ગાડુ ભરી ઘઉં ચલાલા આપા દાનાની જગ્યામાં આપવાની માનતા માની. ખેડૂની શ્રદ્ધા ફળી. બળદ સાજા થયા. ખેડૂએ માનેલ માનતા મુજબ ગાડું ભરી ઘઉં ચલાલે ગયો. અને આપા દાનાને મળી માનતાની વાત કરી. વાત સાંભળી આપા દાનાએ ખેડૂતને કહ્યું, ‘‘ભાઈ, તારી માનતા પુગી ગઈ. આ ઘઉં તો તારા ગામની ભોળીના છે.એને પુગતા કરીદે.’’ભોળીનું નામ સાંભળી ખેડૂને ખેતરનો પ્રસંગ યાદ આવતાં મનોમન પસ્તાવો કરવા લાગ્યો અને આપા દાનાના આર્શીવાદ લઈ ગાડુ પાછુ વાળી સીધો નાના માચિયાળા ગયો. અને ભોળીઆઈને મળી કહ્યું, ‘‘દાન બાપુ એ આ ઘઉં મોકલ્યા છે કયાં ઉતારૂ ?’’ ભોળીઆઈએ ઘઉં કોઠીમાં ઠાલવવાનું કહેતા ખેડૂએ ઘઉં કોઠીમાં ઠાલવી ભોળીઆઈની માફી માંગી જગ્યામાં દર વર્ષે સવામણ ઘઉંની ટેલ કરવાનો સંકલ્પ કરી વિદાય થયો.

ખેડૂની વિદાય પછી ભોળીઆઈએ દીકરી રાજીની બોલાવી કહ્યું, ‘‘દીકરી, આપણી કોઠીમાં આજે ઠાકર ધણીનો વાસ થયો છે માટે કોઈ’દી કોઠીનું ઢાંકણું ખોલી અંદર જોશો નહી. ઠાકરના પ્રતાપે કોઠીએ કોઈ’દી ધાન ખૂટશે નહી.’’

મારા નાના માચિયાળાના તા.૧૨/૫/૨૦૦૭ ના પ્રવાસ દરમ્યાન જગ્યાના વર્તમાન મહંત કરશનદાસ સાથે મુલાકાત થયેલ. તેમણે ઉક્ત પ્રસંગ કહેતા મને જણાવેલ કે, ‘‘રાજીમાનાં નિધન બાદ કોઈ કે કોઠીનું ઢાંકણું ખોલી અંદર ડોકીયું કરેલ અને ભોળીઆઈનું આજ્ઞાનું ઉલ્લંઘન થયેલ. અને કોઠીએ ધાન ખૂટી ગયુ. પરંતુ આજેય એ ખેડૂના પરીવાર તરફથી જગ્યામાં દર વર્ષે સવામણ ઘઉંની ટેલ આવે છે. અને ભોળીઆઈની સ્મૃતિમાં આ કોઠીને સાચવી રાખવામાં આવી છે.

**પાડાનો પ્રસંગ**

નાના માચીયાળામાં **‘‘માથાસોયા’’** શાખાના દેવીપૂજકોના આંગળીના વેઢે ગણી શકાય તેટલાં ખોરડાં. આ દેવીપૂજકોએ એકવાર માતાજીનો માંડવો કરેલ. અને માતાને બલી ચઢાવવા એક પાડો લાવેલા. આ પાડાની બલી ચઢાવવા જતા પાડો ભડકી ભાગતો–ભાગતો ભોળીઆઈની જગ્યામાં આવતો રહેલ. પાડાને પબડવા દેવીપૂજકોનું ટોળું હાકોટા–છાકોટા કરતું પાડાની પાછળ–પાછળ ભોળીઆઈની જગ્યામાં આવી પાડાને સાથે લઈ જવા પ્રયત્નો કરવા લાગ્યું. પરંતુ પાડો માથું હલાવતો એક જ જગ્યાએ સ્થિર ઉભો રહેલ. કૌતુક જોવા લોકોનું ટોળું ભોળીઆઈની જગ્યામાં ભેગું થવા લાગ્યું. અવાજ સાંભળી ભોળીઆઈ ઘરમાંથી બહાર આવી જોયું તો દેવીપૂજકો પાડાને બેરહેમીથી મારી રહ્યા હતા. પાડાના આખા શરીરે લોહીની ટશરો ફૂટી હતી. આ દશ્ય જોઈ ભોળીઆઈનું દિલ દ્રવી ઉઠયું. તેમણે દેવીપૂજકોને પાડાની કિંમત લઈ પાડો પોતાને આપી દેવા જણાવ્યું. પરંતુ પાડો માતાને અર્પણ કરેલ હોય, દેવીપૂજકો પાડો સોંપવા સંમત થયા નહી, આખરે ભોળીઆઈએ દેવીપૂજકોને કહ્યુ :‘વીરા, આ પાડો ધર્મના માંડવે આવ્યો છે. જોઉં છું કોણ આ પાડાને લઈ જાય છે ?’ દેવીપૂજકોએ પાડાને લઈ જવા ફરી ઘણા પ્રયત્નો કર્યા પરંતુ પાડો સ્થિતપ્રજ્ઞ થઈ એક જ જગ્યાએ ઉભો રહેલ. તેનું શરીર કાંપવા લાગ્યું. પાડામાં માતાનો સંચાર થયો છે તેમ જાણી દેવીપૂજકો ભોળીઆઈની માફી માંગી, જીંદગીમાં ફરી કયારેય બલી નહી ચઢાવવાનો સંકલ્પ કરી પાડાને ત્યાં મૂકી જતા રહેલ. કહેવાય છે કે, આ પાડો જીવ્યો ત્યાં સુધી ભોળીઆઈ પાસે રહયો. પાડાને તેઓ ઘડીકેય રેઢો મૂકતાં નહી. આ પાડો ભોળીઆઈને ખૂબ જ પ્રિય હતો. પાડાના મૃત્યુ બાદ તેને જગ્યામાં સમાધિ આપવામાં આવી આ પ્રસંગની યાદમાં ભોળીઆઈના ચિત્ર સાથે પાડાનું ચિત્ર રાખવામાં આવે છે.

**અમરપંથે પ્રયાણ**

ભવનાથ ગેબી ગીરનારના ખોળે વેલાબાવાની જગ્યામાં અલખની આરાધના કરતા મુળાભગતની કાયા કણકણવા લાગતાં પોતાની જનમ ભોમકા ભલ ગામે આવી ઈ.સ. ૧૮૦૧ ના ભાદરવા મહિનામાં જીવનલીલા સંકેલી લીધી. પતિના નિધનના વાવડ મળતાં ભોળીઆઈને આંચકો લાગ્યો. તુરંત દીકરી રાજીને લઈ તેઓ ભલગામ આવ્યાં. લૌકીક વિધિ પતાવી, પતિની સમાધિએ જઈ ધૂપ ચઢાવી કહેવા લાગ્યાં. ‘‘ ભગત આટલી ઉતાવળ ? મુને સમાચારેય નોં પુંગાડયા ? ઘણાં વર્ષ નોખાં રહયોં..... પણ અંતઃકાળે મને યાદ ન કરી ? અલખધણીના ધામમાં સાથે જવાનો તમોએ મને વચન આપ્યુ હતું’’. આમ કહી મુળાભગતની સમાધિ ખોદાવી, લગ્ન સમયે અગ્નીની સાક્ષીએ જે જમણો હાથ મુળાભગતે સોંપેલ તે હાથ કાંડામાંથી કપાવી માચીયાળે લઈ આવ્યાં. અને ગુરૂ દાનમહારાજ તથા સંતો–ભક્તો–સેવકોને પોતાની અંતિમ વિદાયના સમાચાર મોકલાવ્યા.

ભોળીઆઈના વિદાયના સમાચાર મળતા ચલાળાથી આપાદાના તથા આપાગીગા અને ઘણા સંતો–ભક્તો–સેવકો માચીયાળા આવ્યા. વહેલી સવારે વાજતે ગાજતે મુળા ભગતના હાથના પંજાની વૈકુંઠી આખા ગામમાં ફેરવવામાં આવી બાજુ–બાજુમાં બે સમાધિના ખાડા ખોદીને તૈયાર કરવામાં આવ્યા. એક ખાડામાં મુળાભગતના હાથના પંજાની ફુલ સમાધિ આપવામાં આવી અને બીજા ખાડામાં ભોળીઆઈએ હાજર રહેલ ગત ગંગાને સીતારામ કરી યૌગીક ક્રિયાથી પોતાના પ્રાણને સંકેલી લીધો.

ભોળીઆઈનો સમાધિનો નિશ્ચિત સમય મળે છે, તે મુજબ તેમનો સમાધિ દિવસ વિક્રમ સંવંત ૧૮૫૭ ના ભાદરવા સુદ છઠ અને સોમવારનો છે. આ સમયની ગણતરી કરતાં તા.૧૪–૯–૧૮૦૧ આવે છે.

ભોળીઆઈની પાછળ રાજીબાઈએ સાધુ સંતોને તેડાવી ભંડારો કરેલ અને સમાધિના ૫૫ વર્ષ બાદ વિ.સં. ૧૯૧૨ આસો વદ ત્રીજને ગુરૂવાર તા.૧૬/૧૦/૧૮૫૬નાં રોજ પાકું સમાધિ મંદિર ચણાવેલ. આ સમય દર્શાવતો શિલાલેખ ભોળીઆઈના સમાધિ મંદિરના મુખ્ય દ્વાર ઉપર કોતરાયેલ છે.

**પરંપરા**

ભોળીઆઈના સ્થાનકમાં તેમની દીકરી રાજીના વંશજો ગાદીપતી બને છે. રાજીઆઈને સંતાનમાં ચાર દિકરા ૧.પુંજાભગત, ૨.લગરાભગત, ૩.આલાભગત અને ૪.જીવણભગત. આ ચારેય પુત્રોના જીવનની વિગતો ચોક્કસ સ્વરૂપમાં મળે છે.

૧. પુંજાભગતના જન્મની વિગતો આપણે આગળ જોઈ ગયા. તેઓ ભોળીઆઈના નિધન પછી જગ્યાનાં મહંત બન્યા. તેમણે જગ્યાનો ત્રણ વર્ષ સુધી વહીવટ સંભાળી વિ.સં. ૧૯૨૮ અષાઢ સુદ અને મંગળવાર (તા.૨૩/૦૭/૧૮૭૨) ના દિવસે સમાધિ લીધી.તેમના અવસાન પછી તેમના લઘુબંધુ આલાભગત મહંત પદે આવ્યા તેમના જીવનની વિગત નીચે મુજબ છે.

૨. આલાભગત

જન્મઃ વિ.સં.૧૮૬૧ ના કારતક સુદ સાતમને મંગળવાર (તા.૨૯/૧૦/૧૮૦૫) આલાભગત ફક્ત ત્રણ માસ જેટલો સમય જ મહંત પદે રહ્યા. તેઓ મોટા ભાઈ પુંજાભગતના નિધનથી વ્યાકુળ રહેતા હતા. આખરે તેમણે જીવંત સમાધિ લેવા તેમના લઘુબંધુ જીવણભગત પાસે રજા માંગી ત્યારે જીવણભગતે પણ સજોડે સમાધિ લેવા હઠ પકડી આખરે આલાભગત અને જીવણભગત બંને ભાઈઓએ એકજ દિવસે એક જ

સમાધિના ખાડામાં સાથે સમાધિ લીધી. તેમની સમાધિનો સમય : વિ.સં. ૧૯૨૮ આસો સુદ ચોથ અને રવિવાર (તા.૨૦/૧૦/૧૮૭૨).

૩. જીવણભગત
જન્મ: વિ.સં. ૧૮૬૩ ના ફાગણ સુદ ત્રીજને ગુરૂવાર (તા.૨૬/૩/૧૮૦૭). હાલમાં નાના માચીયાળામાં ભોળીઆઈની સમાધિ પાસે આ બંને ભાઈઓની સંયુક્ત સમાધિ છે.

૪. લગરાભગત
જન્મ: વિ.સં. ૧૮૦૦ ની સાલમાં થયાનું જાણવા મળે છે અન્ય વિગત મળતી નથી.
આલાભગતના નિધન પછી તેમના પુત્ર જેઠાભગત મહંત પદે આવ્યા. તેમનો જન્મ વિ.સં. ૧૮૯૧ ના અષાઢ વદ સાતમ અને ગુરૂવાર (તા.૧૬/૭/૧૮૩૫) ના દિવસે થયો. તેઓ સતત ૪૦ વર્ષ સુધી જગ્યાના મહંતપદે રહી પ્રભુ ભક્તિ સાથે ધર્મોપદેશ કરેલો અને વિ.સં. ૧૯૬૮ ના પોષ સુદ એકમ અને ગુરૂવાર (તા.૨૧/૧૨/૧૯૧૧) ના રોજ નિર્વાણ પામ્યા.

તેમના પછી તેમના જ્યેષ્ઠ પુત્ર ભાયાભગત જગ્યાના મહંત બન્યા. તેમનો જન્મ વિ.સં. ૧૯૩૫ ના ચૈત્ર સુદ બારસ અને શુક્રવાર (તા.૪/૪/૧૮૭૯) ના રોજ થયેલ. તેઓ લાગલગાટ ૬૦ વર્ષ સુધી જગ્યાના મહંતપદે રહ્યા.અને વિ.સં. ૨૦૨૭ ના કારતક સુદ એકમને બુધવાર (તા.૨૦/૧૦/૧૮૭૧) ના દિવસે ૯૨ વર્ષનું દીર્ઘજીવન જીવી મહાપ્રયાણ કર્યું. તેમના પછી તેમના દિકરા મેપાભગત મહંત બન્યા.

મેપા ભગતનો જન્મ વિ.સં. ૧૯૯૭ ના ફાગણ ના ફાગણ સુદ પુનમને ગુરૂવાર (તા.૧૩/૩/૧૯૪૧) ના રોજ થયેલ તેઓ ૩૬ વર્ષ સુધી મહંતપદે રહયા. અને તા. ૧૩/૨/૨૦૦૭મહાવદ અગીયારસ અને મંગળવારના દિવસે તેમણે સમાધિ લીધી. તેમના પછી તેમના દિકરા કરશનદાસ મહંત પદે આવ્યા જેઓ હાલ વર્તમાન મહંતપદે છે.

જગ્યામાં ભોળીઆઈએ તેમના જીવનકાળ દરમ્યાન ઉપયોગમાં લીધેલ વસ્તુઓ, માળા, છડી, ધાબકી, કોઠી, પુજીની થાળી, તે સમયનું ચલણી નાણું અને તેમનું જૂનું મકાન સાચવી રાખવામાં આવેલ છે તેમજ પરંપરાની દ્રષ્ટિએ ભોળીઆઈની જગ્યામાં તેમની તિથીના દિવસે ભજન અને ભોજન પિરસવામાં આવે છે. અને સમગ્ર વર્ષ દરમ્યાન જગ્યામાં અભ્યાગતોને ટુકડો આપવામાં આવે છે.